For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### પાલિકાના અણઘડ આયોજનથી ચોમાસાની શરૂઆતમાં જ જનતા રઝળી

# વડોદરા સિટી બસને એક્સ્ટેન્શન નહીં મળતા સવારે બંધ, બપોર બાદ શરૂ

**કલાકોમાં** ઉકેલ આવતા સિટી બસ સેવા ફરી શરૂ કરાતાં મુસાફરોને મોટી રાહત

(પ્રતિનિધિ) વડોદરા,તા.1

વડોદરા શહેરમાં આજે સવારે અચાનક બંધ થયેલી સિટી બસ સેવા થોડા જ કલાકોમાં ફરી શરૂ થતાં હજારો મુસાફરોને મોટી રાહત મળી છે. વડોદરા મહાનગરપાલિકા દ્વારા વિનાયક લોજિસ્ટિક્સને ત્રણ મહિનાનું એક્સટેન્શન આપવામાં આવતા સવારે બંધ કરાયેલી 160 બસો ફરી શહેરના વિવિધ રૂટ પર દોડતી થઈ છે.

સવારે બસ સેવા બંધ થતાં વિદ્યાર્થીઓ, નોકરીયાતો, મહિલાઓ અને વરિષ્ઠ નાગરિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. જાહેર પરિવહન બંધ રહેતાં અનેક મુસાફરોએ ખાનગી વાહનો અને અન્ય વિકલ્પોનો સહારો લેવો પડ્યો હતો. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખી તંત્ર અને બસ સંચાલકો વચ્ચે તાત્કાલિક બેઠક યોજાઈ હતી. બેઠકમાં બસ સેવા યથાવત રાખવા માટે ત્રણ મહિનાનું એક્સટેન્શન આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ત્યારબાદ સવારે અંદાજે 11 વાગ્યાથી તમામ રૂટ પર સિટી બસ સેવા પૂર્વવત શરૂ કરી દેવામાં આવી હતી. હવે શહેરમાં વિનાયક લોજિસ્ટિક્સની 160 બસો ઉપરાંત નવી 30 બસો પણ સેવામાં જોડાતા મુસાફરોને વધુ સારી અને સુવિધાજનક જાહેર પરિવહન સેવા ઉપલબ્ધ બનશે. વહીવટી તંત્રની ઝડપી કામગીરીના કારણે કલાકોમાં જ સમસ્યાનો ઉકેલ આવતા શહેરના નોકરીયાત વર્ગ, વિદ્યાર્થીઓ અને સામાન્ય નાગરિકોએ રાહતનો શ્વાસ લીધો છે. જોકે, શહેરવાસીઓએ લાંબા ગાળે સિટી બસ સેવા અંગે સ્થાયી અને સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવે તેવી પણ અપેક્ષા વ્યક્ત કરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, તંત્ર દ્વારા વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે તાજેતરમાં શરૂ કરાયેલી નવી માત્ર ૩૦ બસો જ રસ્તા પર દોડતી રાખવામાં આવી છે. પરંતુ, ૧૬૦ બસોની સામે માત્ર ૩૦ બસો ઊંટના મોઢામાં જીરા સમાન સાબિત થશે. ચોમાસાની ઋતુની શરૂઆતમાં જ ડેઈલી અપડાઉન કરતા નોકરિયાત વર્ગ અને શાળા-કોલેજે જતા વિદ્યાર્થીઓને હવે રિક્ષા ચાલકોના મોં માંગ્યા ભાડા ચૂકવીને અથવા અન્ય ખાનગી વાહનોનો સહારો લઈને અવરજવર કરવી પડશે. પાલિકા તંત્રના આ અણઘડ આયોજન સામે નાગરિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને વૈકલ્પિક વ્યવસ્થા વહેલી તકે મજબૂત કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.


વડોદરા મહાનગરપાલિકા દ્વારા વિનાયક લોજિસ્ટિક્સને ત્રણ મહિનાનું એક્સટેન્શન આપવામાં આવતા સવારે બંધ કરાયેલી 160 બસો ફરી શહેરના વિવિધ રૂટ પર દોડતી થઈ છે

### રીલ બનાવતા ઈ-બસ ડ્રાઈવરની નોકરી ગઈ



વડોદરા મહાનગરપાલિકાની ઈલેક્ટ્રિક બસ ચલાવતી વખતે મોબાઈલમાં રીલ બનાવતો ડ્રાઈવરનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. મુસાફરોની સુરક્ષા જોખમમાં મુકાતા મહાનગર પાલિકાએ બસ સંચાલક કંપનીને નોટિસ આપી હતી. કંપનીએ તાત્કાલિક કાર્યવાહી કરી ડ્રાઈવરને નોકરીમાંથી ટર્મિનેટ કર્યો હતો. રીલના શોખીન ડ્રાઈવરના અનેક વીડિયો અગાઉ પણ બનાવ્યા હોવાનું સામે આવ્યું છે.

### તપાસ કરીશું કે કયા કારણે કોમ્યુનિકેશન ગેપ રહ્યો



શહેરમાં સિટી બસ સેવા નિયમિત રીતે શરૂ થઈ ગઈ છે. હાલના ઓપરેટરનો કોન્ટ્રાક્ટ પૂર્ણ થતો હોવાથી જનસુવિધાને ધ્યાનમાં રાખી ત્રણ મહિના માટે એક્સટેન્શન આપવામાં આવ્યું છે. આ દરમિયાન સમગ્ર પ્રક્રિયાની સમીક્ષા કરી આગળનો નિર્ણય લેવામાં આવશે. નવી ઇલેક્ટ્રિક (EV) બસો તબક્કાવાર મળતી જશે તેમ તેને સેવામાં સામેલ કરવામાં આવશે. પાલિકાની પ્રથમ પ્રાથમિકતા નાગરિકોને સરળ અને અવિરત જાહેર પરિવહન સુવિધા ઉપલબ્ધ કરાવવાની છે. પરિવહન વ્યવસ્થામાં કોઈ વિક્ષેપ ન આવે અને મુસાફરોને અગવડ ન પડે તે માટે જરૂરી તમામ પગલાં લેવામાં આવશે.

– **ઋતુરાજ દેસાઈ,** ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર

## અકોટા ચાર રસ્તા નજીક બાઈક સ્લીપ ખાઈ જતા યુવકનું મોત

(પ્રતિનિધિ) વડોદરા તા.1

વડોદરા શહેરના અકોટા ચાર રસ્તા નજીક સર્જાયેલા માર્ગ અકસ્માતમાં 23 વર્ષીય યુવકનું કરૂણ મોત નીપજતાં પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. મિત્રની બાઈક લઈને ઘરે જઈ રહેલો યુવક બાઈક સ્લીપ ખાઈ જતા રોડ પર ફંગોળાઈ ગયો હતો અને ડિવાઈડર સાથે અથડાતા તેને માથામાં ગંભીર ઈજા પહોંચી હતી. સારવાર માટે ગોત્રી જનરલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, પરંતુ તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો.

વડોદરાના ગોરવા હાઉસિંગ બોર્ડ વિસ્તારમાં રહેતા અને રિક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા આશિષ ગુલાબ મહંતસુરીએ જેપી રોડ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, તેમનો 23 વર્ષીય પુત્ર સાહિલ મિત્રની બાઈક લઈને ઘરે પરત ફરી રહ્યો હતો. અકોટા ચાર રસ્તાથી યોગા સર્કલ તરફ જતાં દરમિયાન અચાનક બાઈક સ્લીપ ખાઈ જતા અકસ્માત સર્જાયો હતો.

### બસના બ્રેક ફેલ થતાં ત્રણથી વધુ વાહનોને પાછળથી ટક્કર

# ફતેગંજ બ્રિજ પર સળંગ બે અકસ્માત, ૫ વાહનોને નુકસાન : ટ્રાફિકજામ સર્જાયો

**મનપાની** ડ્રેનેજ ગાડીએ પણ બે વાહનોને અડફેટે લીધા



(પ્રતિનિધિ) વડોદરા, તા. 1

વડોદરાના ફતેગંજ બ્રિજ પર બુધવારે સળંગ બે અકસ્માત સર્જાતા ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. અમદાવાદથી મહારાષ્ટ્ર તરફ જઈ રહેલી એક ખાનગી બસના બ્રેક યોગ્ય રીતે કામ ન કરતાં બસે આગળ ચાલી રહેલા ત્રણથી વધુ વાહનોને પાછળથી ટક્કર મારી હતી. અકસ્માતમાં કાર સહિતના વાહનોને ભારે નુકસાન પહોંચ્યું હતું. અસરગ્રસ્ત વાહનચાલકોના જણાવ્યા મુજબ બસની બેદરકારીને કારણે અકસ્માત સર્જાયો હતો.

આ ઘટનાના થોડા સમય બાદ એ જ બ્રિજ પર વડોદરા મહાનગરપાલિકાના ડ્રેનેજ વિભાગની એક ગાડીએ પણ બે વાહનોને પાછળથી ટક્કર મારી હતી. સળંગ બનેલા બંને અકસ્માતોના કારણે બ્રિજ પર ટ્રાફિક જામ સર્જાયો હતો અને વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. પરિણામે વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

પ્રાથમિક માહિતી મુજબ બંને અકસ્માતોમાં મળી અંદાજે પાંચ જેટલા વાહનોને નુકસાન થયું છે. જોકે સદનસીબે કોઈ જાનહાનિ નોંધાઈ નથી. ઘટનાની જાણ થતાં પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી ટ્રાફિક વ્યવસ્થા સંભાળી વાહનવ્યવહારને ફરીથી સુચારુ બનાવ્યો હતો.


### યુનિટી ઇન્ફ્રાને રૂ. ૪૯.૨૮ લાખ અને રાજકમલ બિલ્ડર્સને રૂ. ૨૦.૨૬ લાખનું ચૂકવણું

# વડોદરા વીએમસીની તિજોરી પર ડ્રેનેજ ભંગાણનો બોજ બે લાઈન સરખી કરવા રૂ. ૬૯.૫૪ લાખ ચૂકવાશે

**કમિશનરે** જીપીએમસી એક્ટની કલમ ૬૭(૩)(c) હેઠળ મંજૂરી આપી

(પ્રતિનિધિ) વડોદરા તા.1

વડોદરા શહેરમાં ડ્રેનેજ વ્યવસ્થા ખોરવાવાની ઘટનાઓ વચ્ચે વધુ એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. શહેરમાં જુદા જુદા બે સ્થળોએ ડ્રેનેજ લાઈનમાં પડેલા ભંગાણના તાત્કાલિક સમારકામ માટે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કુલ રૂ. ૬૯.૫૪ લાખથી વધુની રકમનો માતબર ખર્ચ કરવામાં આવ્યો છે. આ બંને સ્થળોએ પરિસ્થિતિ ગંભીર હોવાના કારણે મ્યુનિસિપલ કમિશનરને જીપીએમસી એક્ટની કલમ ૬૭(૩)(સી) હેઠળ મળેલી ખાસ સત્તાનો ઉપયોગ કરીને કટોકટીના ધોરણે યુદ્ધના ધોરણે સમારકામની કામગીરી મંજૂર કરવામાં આવી હતી.



પ્રાપ્ત વિગતો અનુસાર, શહેરના ઉત્તર ઝોનમાં સમાવિષ્ટ વોર્ડ નંબર ૧ ના નવાયાર્ડ રોડ પર આવેલા લાલપુરા ગામ પાસે ડ્રેનેજની મુખ્ય ગ્રેવિટી લાઈનમાં મોટું ભંગાણ સર્જાયું હતું. ડ્રેનેજ લાઈન તૂટી જવાના કારણે સ્થાનિક વિસ્તારમાં ગંભીર સમસ્યા ઊભી થઈ હતી, જેને પગલે કોર્પોરેશન દ્વારા આ કામગીરી તાત્કાલિક ધોરણે 'યુનિટી ઈન્ફ્રા' નામની એજન્સીને સોંપવામાં આવી હતી. ઈજારદાર કંપની દ્વારા મેન્યુઅલ પુશિંગ પદ્ધતિનો ઉપયોગ કરીને ૨૩.૬૦ મીટર લંબાઈની નવી બાયલાઈન નાખવામાં આવી હતી. આ સાથે જ રોડ રિસ્ટોરેશન સહિતની તમામ કામગીરી પૂર્ણ કરીને ડ્રેનેજ ગ્રેવિટી લાઈનને ફરીથી કાર્યરત કરવામાં આવી હતી. આ કામ માટે કોર્પોરેશને શરૂઆતમાં રૂ. ૪૨.૧૨ લાખનો અંદાજ તૈયાર કર્યો હતો, પરંતુ ઈજારદારે અંદાજિત ભાવ કરતાં ૧૭ ટકા વધુ ભાવ વસૂલીને રૂ. ૪૯.૨૮ લાખનું બિલ રજૂ કર્યું હતું.

આવી જ અન્ય એક ઘટના ઉત્તર ઝોનના જ વોર્ડ નંબર ૭ માં આવેલા કારેલીબાગ વિસ્તારમાં બની હતી. કારેલીબાગના તુલસીવાડી વિસ્તારમાં ગેલેરીયા સુપર માર્કેટ પાસે મુખ્ય ડ્રેનેજ લાઈન ધરાશાયી થતાં ભંગાણ પડ્યું હતું. આ કટોકટી નિવારવા માટે કોર્પોરેશને 'રાજકમલ બિલ્ડર ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઈવેટ લિમિટેડ'ને કામગીરી સોંપી હતી. આ સ્થળે ડ્રેનેજ લાઈનના સમારકામની સાથે સાથે ત્યાંથી પસાર થતી અને શિફ્ટ કરાયેલી પાણીની લાઈનો, વરસાદી ગટર ચેનલ તેમજ સમગ્ર રોડના રિસ્ટોરેશનની કામગીરી હાથ ધરીને પૂર્ણ કરવામાં આવી હતી. આ પ્રોજેક્ટ માટે તંત્રનો પ્રાથમિક અંદાજ રૂ. ૧૮.૮૨ લાખનો હતો, પરંતુ અહીં પણ ઈજારદાર કંપનીએ અંદાજિત કિંમત કરતાં ૨૭ ટકા જેટલો ઊંચો ભાવ ચાર્જ કરીને રૂ. ૨૦.૨૬ લાખનું ભાવપત્રક રજૂ કર્યું હતું, જેને વહીવટી મંજૂરી આપી દેવામાં આવી છે. આમ, શહેરના બે વિસ્તારોના ડ્રેનેજ ભંગાણે કોર્પોરેશનની તિજોરી પર અંદાજે ૭૦ લાખ રૂપિયાનો બોજો નાખ્યો છે.

### અમદાવાદ-ભાવનગરની જેમ વડોદરા કોર્પોરેશને દરખાસ્ત તૈયાર કરી

# VMCની નર્સોને હવે રાજ્ય સરકારના ધોરણે યુનિફોર્મ અને વોશિંગ એલાઉન્સ મળશે

**રાજ્ય** સરકારની ગ્રાન્ટમાંથી ખર્ચ અપાશે, પાલિકાની તિજોરી પર બોજ નહીં પડે

(પ્રતિનિધિ) વડોદરા તા.1

વડોદરા મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ હેઠળ શહેરી સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં ફરજ બજાવતા સ્ટાફ નર્સો માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. પાલિકા તંત્ર દ્વારા કોર્પોરેશન સંચાલિત આરોગ્ય કેન્દ્રોમાં કાર્યરત સ્ટાફ નર્સ (વર્ગ-3) ને રાજ્ય સરકારના પ્રવર્તમાન ધોરણો મુજબ નર્સિંગ યુનિફોર્મ, નર્સિંગ એલાઉન્સ તેમજ ધોલાઈ ભથ્થું ચૂકવવા માટેની વિગતવાર દરખાસ્ત તૈયાર કરવામાં આવી છે. આ દરખાસ્તને મંજૂરી મળ્યા બાદ લાંબા સમયથી પડતર રહેલી માંગ પૂર્ણ થશે અને નર્સિંગ સ્ટાફને આર્થિક લાભ મળવાનો માર્ગ મોકળો બનશે.

ગુજરાત અર્બન હેલ્થ પ્રોજેક્ટ હેઠળ વડોદરા મહાનગરપાલિકાના વિવિધ શહેરી આરોગ્ય કેન્દ્રોમાં ફરજ બજાવતા નર્સિંગ સ્ટાફને અત્યાર સુધી યુનિફોર્મ અથવા ધોલાઈ ભથ્થાની કોઈ સુવિધા મળતી નહોતી. જ્યારે અમદાવાદ અને ભાવનગર મહાનગરપાલિકામાં આ પ્રકારના ભથ્થાનો લાભ અગાઉથી જ આપવામાં આવી રહ્યો છે. આથી અન્ય મહાનગરપાલિકાઓની સમકક્ષ સુવિધા વડોદરાના નર્સિંગ સ્ટાફને પણ મળી રહે તે હેતુથી પાલિકાએ આ હકારાત્મક પહેલ હાથ ધરી છે.

દરખાસ્ત મુજબ રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવને આધારે કાયમી સ્ટાફ નર્સોને દર મહિને રૂ. 1,400 નર્સિંગ એલાઉન્સ ઉપરાંત નર્સિંગ યુનિફોર્મ અને તેના જાળવણી માટે ધોલાઈ ભથ્થું ચૂકવવાની જોગવાઈ કરવામાં આવી છે. આ સુવિધાથી નર્સિંગ સ્ટાફના મનોબળ, કાર્યક્ષમતા અને સેવા પ્રત્યેના ઉત્સાહમાં વધારો થવાની આશા વ્યક્ત કરવામાં આવી છે.

પાલિકાના વહીવટી સૂત્રોના જણાવ્યા મુજબ આ યોજનાનો સમગ્ર ખર્ચ રાજ્ય સરકાર દ્વારા ફાળવવામાં આવતી વિશેષ ગ્રાન્ટમાંથી કરવામાં આવશે. જેના કારણે વડોદરા મહાનગરપાલિકાની તિજોરી પર કોઈ વધારાનો આર્થિક બોજ પડશે નહીં. આગામી દિવસોમાં આ દરખાસ્તને મંજૂરી મળતાં જ શહેરના આરોગ્ય કેન્દ્રોમાં ફરજ બજાવતા સ્ટાફ નર્સોમાં ખુશીનો માહોલ જોવા મળે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# સગીર દીકરી પર દુષ્કર્મ આચરનાર નરાધમ પિતાની અટકાયત કરાઈ

**રાત્રિના** સમયે માતા પરત ઘરે આવતા પતિને દીકરી સાથે રંગે હાથ ઝડપ્યો હતો

(પ્રતિનિધિ) વડોદરા તા.1

વડોદરા જિલ્લાના ડેસર તાલુકાના એક ગામમાં માનવતાને શરમાવે તેવી ઘટનામાં પોતાની જ સગીર દીકરી પર દુષ્કર્મ આચરનાર નરાધમ પિતાને પોલીસે ઝડપી પાડી તેની અટકાયત કરી છે. આરોપી પિતા સામે પોક્સો સહિતની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

28 જૂનના રોજ સાંજે પતિ-પત્ની વચ્ચે ઘરેલુ બાબતે ઝઘડો થતાં મહિલા ઘર છોડીને પોતાની એક સંબંધીના ઘરે ચાલી ગઈ હતી. તે સમયે ઘરે સગીર દીકરી અને નાનો પુત્ર હાજર હતા. રાત્રે મહિલાએ પોતાની બહેન અને બનેવીને જાણ કરતાં તેઓ પણ ત્યાં પહોંચ્યા હતા. બાદમાં મધરાતે મહિલા પોતાની બહેન સાથે બાળકોને લેવા ઘરે પરત ફરી હતી.

ઘરમાં પ્રવેશતા મહિલાએ પોતાના પતિને સગીર દીકરી પર દુષ્કર્મ આચરતા રંગે હાથ ઝડપી પાડ્યો હતો. માતા અને માસીને જોતા આરોપી ઉતાવળમાં કપડાં પહેરી સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. મહિલાના જણાવ્યા મુજબ, દીકરીના મોઢામાં કપડાનો ડૂચો ભરેલો હતો. દીકરીને સુરક્ષિત સ્થળે લઈ જવામાં આવી હતી.

બાદમાં સગીરે માતા અને માસીને જણાવ્યું હતું કે પિતાએ જબરદસ્તી તેના કપડાં ઉતરાવી તેના પર દુષ્કર્મ આચર્યું હતું અને વિરોધ ન કરી શકે તે માટે તેના મોઢામાં કપડાનો ડૂચો ભરી દીધો હતો. ઘટનાની જાણ થતાં જ પોલીસે તાત્કાલિક કાર્યવાહી શરૂ કરી હતી. ફરાર આરોપીની શોધખોળ બાદ તેને ઝડપી પાડી અટકાયત કરવામાં આવી છે. પોલીસે આરોપીનું મેડિકલ કરાવવા તેની પણ કાર્યવાહી હાથ ધરી છે.

### ઝાડની ડાળ પર આકાશ તરફ નજર માંડી વરસાદની રાહ જોતો બેઠેલો મનમોહક મોર



વડોદરામાં છેલ્લા બે દિવસથી વરસાદે વિરામ લેતા કાળઝાળ ગરમી અને બફારાથી લોકો તેમજ પશુ-પક્ષીઓ પરેશાન બન્યા છે. આવી સ્થિતિ વચ્ચે આજે સવારે શહેરના એક વિસ્તારમાં આકાશમાં ઘેરાયેલા વાદળો વચ્ચે ઝાડની ઊંચી ડાળ પર બેઠેલો રાષ્ટ્રીય પક્ષી મોર આકાશ તરફ એકીટશે જોતો નજરે પડ્યો હતો. આ મનમોહક દૃશ્ય કેમેરામાં કેદ થતાં પ્રકૃતિપ્રેમીઓમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. જાણે મોર પોતાના ટહુકા દ્વારા મેઘરાજાને વરસાદ વરસાવવાની વિનંતી કરી રહ્યો હોય તેવો નજારો સર્જાયો હતો. હવે સૌની નજર મેઘરાજાની મહેર પર ટકેલી છે.

### ઉભરાતી ગટર અને કાદવથી રસ્તાઓ નર્ક સમાન, રોગચાળાનો ભય

# તાંદલજા પોલીસ લાઈનમાં ગંદકીનો ત્રાસ કોન્ટ્રાક્ટરની બેદરકારી સામે હલ્લાબોલ

**જે.પી. રોડ** પોલીસ સ્ટેશનમાં રજૂઆત, કાર્યવાહી નહીં થાય તો ઉગ્ર આંદોલનની ચીમકી



(પ્રતિનિધિ) વડોદરા, તા. 1

તાંદલજા વિસ્તારમાં આવેલી પોલીસ લાઈનમાં કોન્ટ્રાક્ટરની બેદરકારીના કારણે ગંદકી અને કાદવ-કીચડની ગંભીર સમસ્યા સર્જાઈ છે. છેલ્લા ઘણા સમયથી ગટર અને વરસાદી પાણીના યોગ્ય નિકાલની વ્યવસ્થા ન હોવાથી ગંદુ પાણી રસ્તાઓ પર ફરી વળ્યું છે. પરિણામે પોલીસ પરિવારોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ અનેક રજૂઆતો છતાં તંત્ર અને કોન્ટ્રાક્ટર દ્વારા કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી. જેના કારણે રોષે ભરાયેલા રહીશોએ જે.પી. રોડ પોલીસ સ્ટેશન ખાતે પહોંચી વિરોધ નોંધાવી તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

રહીશોના જણાવ્યા મુજબ પોલીસ લાઈનમાં અનેક જગ્યાએ ગટરના ઢાંકણા ગાયબ છે, જેના કારણે અકસ્માતનો ભય વધ્યો છે. ઉપરાંત ઉભરાતી ગટર અને દુર્ગંધના કારણે સમગ્ર વિસ્તાર અસ્વચ્છ બન્યો છે. ચોમાસામાં મચ્છરોના ઉપદ્રવ સાથે મલેરિયા, ડેન્ગ્યુ અને ડાયેરિયા જેવા રોગચાળો ફાટી નીકળવાની આશંકા પણ વ્યક્ત કરવામાં આવી છે.

સ્થાનિકોએ સવાલ ઉઠાવ્યો છે કે જો આ સ્થિતિમાં કોઈ ગંભીર ઘટના કે રોગચાળો ફેલાશે તો તેની જવાબદારી કોણ લેશે? રહીશોએ યુદ્ધના ધોરણે સફાઈ કામગીરી પૂર્ણ કરી બેદરકાર કોન્ટ્રાક્ટર સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. આગામી સમયમાં સમસ્યાનો ઉકેલ નહીં આવે તો ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારી છે.

# રીક્ષાનું મિનિમમ ભાડું રૂ.૨૫ : CNGના ભાવ વધારાથી યુનિયનનો નિર્ણય

(પ્રતિનિધિ) વડોદરા,તા.1

સીએનજીના સતત વધતા ભાવને પગલે વડોદરા શહેર-જિલ્લા રીક્ષા ચાલક યુનિયને આજથી રીક્ષાનું મિનિમમ ભાડું 20થી વધારીને 25 રૂપિયા કર્યું છે. પ્રતિ કિલોમીટરના ભાડામાં પણ 5 રૂપિયાનો વધારો કરી 15થી 20 રૂપિયા કરાયા છે.

વડોદરા શહેર જિલ્લા રીક્ષા ચાલક યુનિયનના આગેવાન બિલાલ પરમારે જણાવ્યું હતું કે, છેલ્લા બે મહિનામાં સીએનજીના ભાવમાં 6 રૂપિયા જેટલો વધારો ઝીંકાયો છે અને ભાવ 88 રૂપિયાને પાર પહોંચી ગયો છે. ત્રણ વર્ષથી ભાડામાં કોઈ વધારો ન થતાં રીક્ષા ચાલકોને આર્થિક મુશ્કેલી પડતી હતી. અનેક રજૂઆતો છતાં નિર્ણય ન લેવાતા અમદાવાદ રીક્ષા ચાલક એસોસિયેશનની જેમ અમે પણ ભાડા વધારાની જાહેરાત કરી હતી. તેમણે ઉમેર્યું કે, ગાંધીનગર ખાતે ટ્રાન્સપોર્ટ કમિશનર કચેરીએ મળેલી બેઠકમાં રીક્ષાચાલકોને ભાડા વધારાની છૂટ અપાઈ હતી. વડોદરામાં પણ આજથી નવા ભાડા દર લાગુ પડશે. લોકોની સગવડતા જળવાઈ રહે તે માટે પ્રયત્નશીલ છીએ, પરંતુ વધતા સીએનજીના ભાવ સામે આ નિર્ણય લેવો જરૂરી બન્યો હતો. નોંધનીય છે કે, રિક્ષા ચાલકોની રજૂઆતના આધારે અને સીએનજીના વધતા જતા ભાવના કારણે એક કિલોમીટર દીઠ 15 રૂપિયા ભાડું લેવામાં આવતું હતું જેમાં પાંચ રૂપિયાનો વધારો કરી 20 રૂપિયા સુધી ભાડું લેવાની છૂટ આપવામાં આવી છે. જો કે તેની સામે મીનીમમ ભાડું 50 રૂપિયા સુધી વધારવા માટે સરકારને રજૂઆત પણ કરી હતી. પરંતુ અત્યારે મિનિમમ ભાડુ 20 રૂપિયા લેવામાં આવે છે તે વધારીને 25 રૂપિયા સુધી લેવાની છૂટ આપવામાં આવી છે. જેથી હવે 1 જુલાઈથી ભાડામાં વધારો થતા મુસાફરોને નવા ભાવ સાથે ભાડું ચૂકવવું પડશે.

### ૩૫.૮ ડિગ્રી તાપમાન વચ્ચે ઉકળાટથી લોકો પરસેવે રેબઝેબ

# થોડા વરસાદે જ જેતલપુર બ્રિજ નીચે પાણી ભરાયા : હવામાન વિભાગનો યલો એલર્ટ

**1થી 7** જુલાઈ દરમિયાન ગાજવીજ સાથે ભારે વરસાદની સંભાવના, નીચાણવાળા વિસ્તારોના રહિશોને સતર્ક રહેવા સૂચના



(પ્રતિનિધિ) વડોદરા, તા. 1

હવામાન વિભાગની આગાહી મુજબ વડોદરા શહેરમાં આજથી આગામી સાત દિવસ સુધી ગાજવીજ સાથે ભારે વરસાદ પડવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. 1 જુલાઈથી 7 જુલાઈ દરમિયાન શહેર માટે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ભારે વરસાદની શક્યતાને ધ્યાનમાં રાખીને તંત્રે નીચાણવાળા વિસ્તારોમાં રહેતા નાગરિકોને સાવચેત રહેવા તેમજ અનાવશ્યક બહાર ન નીકળવા અપીલ કરી છે.

ગત 24 કલાક દરમિયાન શહેરનું મહત્તમ તાપમાન 35.8 ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન 28.4 ડિગ્રી નોંધાયું હતું, જે સામાન્ય કરતાં 1.5થી 1.8 ડિગ્રી વધુ રહ્યું હતું. સવારે ભેજનું પ્રમાણ 83 ટકા અને સાંજે 55 ટકા નોંધાતા ગરમી અને ઉકળાટનો અનુભવ થયો હતો. આગામી દિવસોમાં મહત્તમ તાપમાન 31થી 34 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન આશરે 29 ડિગ્રી રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

છેલ્લા બે દિવસથી શહેરમાં વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું છે. બુધવારે સવારે કેટલાક વિસ્તારોમાં હળવો વરસાદ વરસ્યો હતો, જ્યારે અનેક વિસ્તારો કોરા રહ્યા હતા. જોકે થોડા વરસાદમાં પણ જેતલપુર બ્રિજ નીચે વરસાદી પાણી ભરાતા વાહનચાલકો અને રાહદારીઓને અવરજવરમાં મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ઝરમર વરસાદને કારણે લોકોને રેનકોટ અને છત્રીનો સહારો લેવો પડ્યો હતો. બાદમાં વરસાદ બંધ થતાં ફરી ગરમી અને બફારાથી લોકો અકળાઈ ઊઠ્યા હતા. હવામાન વિભાગના જણાવ્યા મુજબ છેલ્લા 24 કલાક દરમિયાન શહેરમાં માત્ર 0.2 મિ.મી. વરસાદ નોંધાયો હતો.